ॐ

સત્ય-વિજય.

ઉર્ફે

હરિશ્ચન્દ્ર

નાટકનાં ગાયનો.

રચનાર,
પ્રભાશંકર ગોવિંદરામ શુકલ
અને
રામકૃષ્ણ જેઠાલાલ જોશી

પ્રસિદ્ધકર્ત્તા
ધી ભાટીઆ વૉલન્ટીઅર્સ કોરને માટે
વિજયસિંહ ગોવિંદજી પોરેચા, સુખડવાળા બીલ્ડીંગ
હૉર્નબી રોડ.—મુંબઈ.

આવૃત્તિ ત્રીજી પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૨. મૂલ્ય ૩ આના. સને ૧૯૧૬.

આ બુક મુંબઈ નં. ૯૩ ચીંચપોકળી પરેલ રોડ પર લેડી નોર્થકોટ
આ૧ફ્નેજ કે. એન. સેલર પ્રેસમાં ધોંડીબા નારાયણ
રસ્તે એ છાપી છે અને ધી ભાટીઆ વૉલન્ટીઅર્સ કોર
માટે **વિજયસિંહ ગોવિંદજી પોરેચાએ** સુખડ-
વાળા બીલ્ડીંગ હૉર્નબી રોડ,–મુંબઇ નં. ૧ માંથી
પ્રસિદ્ધ કરી છે.

પ્રસ્તાવના.

શ્રી વિશ્વપિતાની કૃપા પ્રસાદિથી આ "સત્ય—વિજય ઉર્ફે હરિશ્ચંદ્ર" ત્રીજી આવૃત્તિ રૂપે મુમ્બાપુરીની રંગીલી, શોખિન, સાહિત્યાભિલાષિ અને કદરદાન પ્રજા સમક્ષ દ્રશ્ય થવાને ભાગ્યશાળી થાય છે, અને તે કંઇ નાટક કંપનીઓના માલેકોને કમાણી કરાવવા અર્થેજ નહિ કિન્તુ, ભારતિય દેવીના સંતાનોનું શુભ અને કલ્યાણ ઇચ્છીને જ.

આ પ્રયોગ પ્રજાને કેટલો રૂચિકર નીવડયો તે જણાવવું તે સુવર્ણ ઉપર ઢાળ ચડાવવા જેવું છે, એમ માની અમો આ પ્રયોગની અત્રે પ્રસંશા કરવાનું ઉચિત લેખતા નથી.

આ પ્રયોગ પ્રથમથીજ વિદ્યાર્થી ગણો મારફતે ભજવાનો આશય હોવાથી લેખમાં વિદ્યાર્થીઓ લાયકની ભાષા, શૈલી તેમજ છાજતોજ રસ વાપરેલો છે, જેથી લેખમાં, રસમાં કે શૈલીમાં તાત્કાલિક જોઇએ તેવો ફેરફાર કરવાને બની શકયું નથી; છતાં અત્યારે ભાટીયા વૉલન્ટીઅર્સ કોર જેવી બાહોશ અને કેળવાએલી વ્યક્તિ મારફતે ભજવવાનો હોવાથી જનસમાજને વધુ રૂચિકર થવાની ધારણાએ, લેખમાં સાધારણ ઉમેરણી તેમજ પ્રયોગ રચનામાં હાસ્ય રસને જાળવવાની આશાએ કંઇક નજીવું વલણ ફેરવવામાં આવ્યું છે, પરંતુ આધુનિક પ્રયોગોથી જનસમાજના મગજ ઉપર જે ઉલટી અસર થાય છે તેવા રસનું ઉચ્છેદન કરવાને

પુરતું લક્ષ આપ્યું છે, અને જે આધારે આ પ્રયોગ નાટકકારોના હસ્તકે ભજવાતા પ્રયોગોથી પ્રબળ ટક્કર ઝીલી શકે તેવું જો અમારૂં માનવું હોય તો તે અસ્થાનેજ લેખાય.

પ્રેક્ષક ગણને, હરિશ્ચંદ્ર જેવા ધાર્મિક પ્રયોગમાં હાસ્ય રસને આધુનિક (અપ ટુ ડેટ) વલણ લેતું જોઇ લેખ ઉપર આક્ષેપ મુકવાનું મન થશે, કિન્તુ આ ફારસની રચના ધડો શિખવાનું કંઇક સાધન છે એવું અમારૂં માનવું હોવાથી, પ્રયોગની મુખ્ય વસ્તુસ્થિતિનો સારાસાર વિચાર વિસારી દઇ આ અપ ટુ ડેટ ફારસને પસંદ કીધું છે.

હાસ્યરસમાંથી ગમ્મત સાથે જ્ઞાન એક પંથ દો કાજ કરી, જળમિશ્રીત પયને ગ્રહણ કરવા પયાભિલાષિ હંસવૃત્તિ રાખી, લેખના માત્ર દોષ પરજ નહિ ઉતરતાં, તેમાંથી ગુણ રૂપ પયને ગ્રહણ કરવા પ્રેક્ષક ગણ પ્રયત્ન કરશે તો અમો અમારો પ્રયાસ સફળ થએલો લેખીશું. इतिशुभं.

લી. સેવકો.

પ્રગટકર્ત્તાઓ તરફથી ખુલાસો.

નિયમાનુસાર આ ચોપડીની પ્રસ્તાવના તેમના રચનારાઓ તરફથી કરવામાં આવેલ છે, પણ ભાટિયા વૉલંટીયર્સ કોર કે જેને માટે આ પ્રયોગ રચવામાં આવેલ છે, તેના તરફથી કંઇ પણ ખુલાસો થવાની જરૂર છે.

આ કોરના સભાસદો પૈકી કેટલોક ભાગ વિદ્યાર્થીનો છે અને આજ પ્રયોગ "એસ્પ્લેનેડ હાઈ સ્કુલ" તરફથી અગાઉ ભજવી બતાવવામાં આવ્યો હતો અને તે ફત્તેહમંદ થએલો હતો; એટલે આ કોરના કેટલાક સભાસદોને જણાયું કે જો આવી જાતનો એકાદ પ્રયોગ આપણી 'કોર' તરફથી ભજવી બતાવવાનું માથે લેવામાં આવે તો ઘણાક સાર્વજનીક કામોમાં આપણી 'કોર' વધુ ઉપયોગી થઇ પડે. આ બાબતમાં "એસ્પ્લેનેડ હાઈ સ્કુલ" ના પ્રિન્સિપલ **મી. નસરવાનજી બાપુજી લશ્કરીની સલાહ લેવામાં આવતાં,** તેઓએ ઉત્સાહમાં વધારો કીધો, એટલુંજ નહિ પણ પોતાના તરફથી દરેકે દરેક મદદ કરવાની પણ મેહેરબાની બતાવી.

આ મળેલા ઉત્તેજનથી હિમ્મત આવી અને પ્રયોગ ભજવી બતાવવાનું નક્કી કરવામાં આવ્યું અને તે પ્રયોગ આ કોરના વૉલન્ટીઅરોએ ઉપાડી લઇ પૂર્ણ કર્યું છે.

આ પ્રયોગ પોતાના કામ ધંધા અથવા વિદ્યાભ્યાસ પછી ફાજલ પડતા વખતમાં તૈયાર કરવામાં આવ્યો છે અને આ કોરને અત્યાર સુધીમાં આવી રીતે પહેલીજવાર જાહેરમાં પડવાનું હોવાથી કદાચ કંઇ ન્યુનતા જણાય તો તે લક્ષમાં નહિ લેતાં, જે લાગણીથી અને જે ઉત્સાહથી આ કામ કરવામાં આવ્યું છે, તે ધ્યાનમાં લેવાની અમારી વિનંતિ છે.

આ તકે આ કામમાં આ કોરને મદદ કરનારાઓનો ઉપકાર કેવી રીતે માનવો તે અમોને સમજી શકાતું નથી; કારણ કે એસ્પ્લેનેડ હાઇ સ્કુલના ખુદ પ્રિન્સિપલ ન. બા. લશ્કરીએ પોતાને અતિ રોકાણનાં કામો કરવાનાં હોવા છતાં, આ પ્રયોગ તૈયાર કરવામાં

શરૂઆતથી તે છેવટ સુધી જે ઉત્સાહપૂર્વક મદદ કીધી છે તેનુંજ આ ફળ છે એમ કહીએ તો તેમાં બીલકુલ અતિશયોક્તિ કરેલી કહેવાશે નહિ.

તેવીજ રીતે મેદાનની ઑફિસમાં કામ કરતા વૉલન્ટીયરો માટે પોતાના પાર્ટસ અને રીકુર્સલો કયાં તૈયાર કરવાં તેનો ફડચો **"ભાટીઆ મિત્રમંડળ"** ના મકાનના મેનેજીંગ ટ્રસ્ટી ભાઇ દામોદર રવજી પોરેચાએ **"ભાટીઆ મિત્રમંડળ"** નું પોતાનું મકાન આપીને જે સગવડતા કરી આપી છે, તેને માટે અમો તેઓના આભારી છીએ.

મી. પ્રભાશંકર ગોવિંદરામ શુકલ, રામકૃષ્ણ જેઠાલાલ **જોશી** અને ડ્રીલ ટીચર મી. ગજ્જર જેઓએ દરરોજ મહેનત લઇ, આ કાર્યને માટે વૉલંટીયરોને તૈયાર કર્યા છે, જેને માટે અમો આ તકે તેઓનો ઉપકાર માનવાની રજા લઇએ છીએ.

છેવટે ઉભરાયલા ઝરાને કઈ દિશામાં વહેતો કરવો તે બતાવનાર ભાઇઓ લક્ષ્મીદાસ રવજી તેરશી, વસનજી ઠાકરસિંહ હાલાઇ તથા ભાઇ મુળજી રણછોડ વેદનો ઉપકાર માનવાની રજા લઇએ છીએ.

લી. સેવકો

વિજયસિંહ ગોવિંદજી પોરેચા.
ગોવિંદજી વલ્લભદાસ દલાલ.
લક્ષ્મિદાસ મથુરાંદાસ ઝાકતા.
ઓ. જોઇન્ટ સેક્રેટરીઓ.

શ્રી

સત્ય-વિજય

નાટકનો ટુંક સારઃ—

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો-ઇશ્વર સ્તુતિ, બાદ સૂત્રધાર અને મિત્ર વચ્ચે નાટક સંબંધિ વાતચીત, સીનનું ફાટવું, સ્વર્ગ નર્કનો દેખાવ, અભિવંદન.

પ્રવેશ ૨ જો-ઇંદ્રનો દરબાર, ડ્રીલ, વિશ્વામિત્ર અને વસિષ્ઠ વચ્ચે તકરાર, નારદની નારદ વિદ્યા, વિશ્વામિત્રનું ઉશ્કેરાવું અને હરિશ્ચંદ્રનું સત્ય ચુકાવવાનો નિશ્ચય કરી જવું.

પ્રવેશ ૩ જો-રાજ્ય માર્ગ, વિશ્વામિત્ર વિચારવમળમાં, હરિશ્ચંદ્રનું સત્ય ચુકાવવાની ગોઠવણ અને ઉદ્ગાર, સાધુઓનું આવવું, સંબોધ, વિશ્વામિત્રની બેદરકારી.

પ્રવેશ ૪ થો-તારામતિને માનશુકન, હરિશ્ચંદ્રનું આશ્વાસન.

પ્રવેશ ૫ મો–હરિશ્ચંદ્રનો દરબાર, ડ્રીલ, વિશ્વામિત્રનું આવાગમન, પરસ્પર સત્ય વિષે વાતચીત, હરિશ્ચંદ્ર પાસે વિશ્વામિત્રની માગણી, રાજ્યનું આપવું, દરબારીઓનો શોક, આશ્વાસન; હરિશ્ચંદ્રનો રાજત્યાગ અને જવાની તૈયારી; તેટલામાં તારા તથા રોહિતનું આવવું, વિલાપ, દિલાસો, અંતે મા તથા પુત્રે હરિશ્ચંદ્ર સાથે જવા તૈયાર થવું, સર્વેને વિલાપ કરતાં મુકી ત્રણેનું જવું.

ટેબ્લો.

અંક બીજો.

પ્રવેશ ૧ લો—સ્થળ દરબાર, હરિશ્ચંદ્ર વિના શુન્ય ભાસતું સ્થાન, પ્રધાનના ઉદ્દગાર, મૂર્ખ ભભુતનું આવવું, ફર્યાદ. ભભુતનો ઉંધો ન્યાય, ટકે શેર ભાજી ટકે શેર ખાજા. ભભુતે ન્યાસાસનપર બેસી ખાવા મંડવું, વિશ્વામિત્રનું આવવું, ઠપકો, ભભુતની ગભરામણ અને દિલાસો, પાછળથી ભભુતને હરિશ્ચંદ્રને વિતાડવા હરિશ્ચંદ્ર જ્યાં હોય ત્યાં મોકલવો.

પ્રવેશ ૨ જો—જંગલ. તારામતિની ઇશ્વર સ્તુતિ, ક્ષુધાપીડિત રોહિત, ટળવળવું, દિલાસો, વિશ્વામિત્રનું છુપા વેશમાં આવવું, કસોટી, હરિશ્ચંદ્રનું લાકડાના

મારા સાથે પાછું આવવું, ત્રણેનો અફસોસ, વિશ્વામિત્રનું ખુલ્લું થવું, મ્હોરની માગણી, હરિશ્ચંદ્રે આવતી કાલે દેવું ચુકાવવા જણાવવું, વિશ્વામિત્રનું જવું અને હરિશ્ચંદ્રનો વૈરાગ્ય.

પ્રવેશ ૩ જો—સ્થળ રાજ્ય માર્ગ, મુફલીસ બૅરીસ્ટર, ડૉકટર, એડીટર, દલાલ વગેરેનાં ધંધા માટે વલખાં, વૉલીંટીઅરો તરીકે જોડાવાનો નિશ્ચય.

પ્રવેશ ૪ થો—હિન્દ બ્રિટાનિઆનો ડેવ્લો.

પ્રવેશ ૫ મો—વૉલીંટીયરોની કવાયદ.

પ્રવેશ ૬ ઠ્ઠો—સ્થળ ચિમનનો પ્રાઇવેટ રૂમ. બૈરીને સ્વતંત્રતા આપવાનો ફાંટો ધરાવનાર મુફલીસ બૅરીસ્ટર ચીમનના ઉદ્દગારો, ગુણીનું આવવું, લજવાતી ગુણી ઉપર ચીમનની તવાઇ. અંતે સ્ત્રી-સ્વતંત્રતાનો પહેલો ફટકો. મનામણાં-રીસામણાં.

પ્રવેશ ૭ મો—સ્થળ જંગલ. કર્મને દોષ દેતો હરિશ્ચંદ્ર, ગુણી તારાનું આશ્વાસન, વિશ્વામિત્રનું આવાગમન, વધુ કસોટી, હરિશ્ચંદ્રની અડગવૃત્તિ અંતે હરિશ્ચંદ્રનો પુત્ર તથા દારાને વેચવાનો નિશ્ચય.

પ્રવેશ ૮ મો—સ્થળ લ્હેરીનું ઘર, મેતાજીએ આપેલી કવિતા ગોખતા ૨૦) વરસના સાકરલાલનું પ્રવેશવું, મેતાજીનું આવવું, લેસન તૈયાર નહિ હોવાથી ગુસ્સે થવું, અને સાકરલાલને શિક્ષા કરવી. સાકરલાલે રડવા માંડવું, મેતાજીએ કંટાળી

ચાલ્યા જવું, લ્હેરીનું આવવું, લાડકણા સાકરને છાના રાખવાનો પ્રયત્ન, છાના રહેવાની શરતમાં સાકરની ઘોડીઆની માગણી અને લ્હેરીનું હાલરડું. હસાહસ. પછી લ્હેરીનું જવું, માનનું પ્રવેશવું, કુળપર મોહી લાકડેમાંકડું વળગાવનાર માતપીતા પ્રતિ દુઃખી દીકરીના ઉદ્ગાર, સાકરને સુધારવા માનનો પ્રયત્ન.

પ્રવેશ ૯ મો–સ્થળ કાશી–બજાર, હરિશ્ચંદ્રે તારા અને રોહિતને વેચવાં, પાછળથી પોતે વેચાવું.

ટેબ્લો.

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—સ્થળ જંગલ. મિત્રો સાથે રોહિત, મિત્રોનો રમત રમવા આગ્રહ, વખતને અમૂલ્ય લેખી નિરર્થક નહિ કરવા રોહિતની શિખામણ, પથ્થર ઉપર પાણી, મિત્રોએ રોહિતને હાસ કાહાડવો, સર્વેનું રમતમાં ગુંથાવું, રોહિતનું પુષ્પ વીણવું, સર્પ ડંશ, સર્વેનો વિલાપ.

પ્રવેશ ૨ જો—ચીમનનો રૂમ. વારંટના ડરથી ભાગતો બૅરીસ્ટર, ત્યાં બાઇસીકલ ખરીદી લાવેલી ગુણીનીમુલાકાત, મુફલીસ ચીમનનાં રોદણાં, ગુણીની બીલ ચુકાવવાની માગણી કરવી, પાછળથી વૅારંટ, બૅરીસ્ટર પોલીસના હાથમાં, સુધરેલા સાકરનું માન સાથે આવવું, સ્રીને સ્વતંત્રતા આપવાનો બૅરીસ્ટરને સજજડ ફટકો અને પસ્તાવો, માને પોતાના દાગીના આપી બૅરીસ્ટરને પોલીસના હાથમાંથી મુકત કરવો. ગાંડા ઘેલા સાકરમાં અજબ ફેરફાર માટે બૅરીસ્ટરને નવાઇ, ખુલાસામાં જે ઘેર સુઘડનાર તેનોજ સુખી સંસાર.

પ્રવેશ ૩ થો—સ્થલ સ્મશાન. રક્ષક તરીકે હરિશ્ચંદ્ર, રોહિતના શબ પાસે ઉભેલી તારા, શબને આગ્ન સંસ્કાર કરવાની માગણી, અરસ્પરસ ઓળખાણ, વિલાપ, હરિશ્ચંદ્રનું ધર્મ સંકટમાં આવી પડવું, સત્યની ખાતર સ્મશાનનો લાગો લેવા તારા પાસે માગણી, તારાનું જવું, હરિશ્ચંદ્રનો રોહિતના શબ પ્રત્યેનો વિલાપ.

પ્રવેશ ૪ જો—સ્થળ રાજ્ય માર્ગ. મરેલું બાળક, તારાનું આવાગમન, ચાલતાં ચાલતાં શબ સાથે અથડાવું, વિમાસણ, તારામતિના ઉપર અચાનક આફત.

પ્રવેશ ૫ મો—સ્થળ કાશી રાજાનો રાજ્ય મહેલ. ન્યાય, તારામતિને દેહાંત દંડની શિક્ષા.

પ્રવેશ ૬ ઠો—સ્થળ સ્મશાન. હરિશ્ચંદ્ર વિલાપ કરતો નજરે પડે છે, ભાવિની પ્રબળતા, તારામતિનો વધ કરવાનો પોતાના માલિક તરફનો હુકમ, દુઃખપર ડામ, દંપતિનો વિલાપ, હરિશ્ચંદ્રનો તારામતિનો વધ કરવાનો નિશ્ચય, તૈયારી, પુષ્પવૃષ્ટિ, દેવો સહુ શિવનું આવાગમન. ભેદનો ખુલાસો, વસિષ્ઠ પાસે વિશ્વામિત્રે પોતાની હાર કબુલ કરવી અને માફી માગવી, હરિશ્ચંદ્રને દેવોનો ધન્યવાદ, સ્મશાનનું પલટાવું, રાજ્ય ગાદી રોહિતનો રાજ્યાભિષેક, આનંદ આનંદ ! ! !

ગૉડ સેવ ધી કીંગ.

સમાપ્ત.

પાત્રો.

શિવ—

નારદ—બ્રહ્મર્ષિ.
વસિષ્ઠ—હરિશ્ચંદ્રના ગુરૂ.
વિશ્વામિત્ર—એક ક્રોધી ઋષિ.
ઈંદ્ર—સુરલોક પતિ.
હરિશ્ચંદ્ર—અયોધ્યા પતિ.
રોહિત—તેનો પુત્ર.
તારા—હરિશ્ચંદ્રની સ્ત્રી.
ભભુત }
અબધૂત } —વિશ્વામિત્રના શિષ્યો.
કાળસેન—યમરાજ.
પનીઓ—તેનો નોકર.
લ્હેરીલાલ—એક શ્રીમંત ગૃહસ્થ.
ચીમન—તેનો મોટો પુત્ર—બૅરીસ્ટર.
સાકરલાલ—લ્હેરીનો બીજો લાડઘેલો મૂર્ખ પુત્ર.
ગુણી—ચીમનની સ્ત્રી.
માન—સાકરની સુઘડ સ્ત્રી.

તેમજ—મિત્રો, ડ્રીલ કરનારાઓ, કાશી રાજા, કાશીપુત્ર, વેપારીઓ, બજારીઓ, ડૉકટર, એડીટર, દલાલ, મજુરો, દરબારીઓ, હિંદ, બ્રિટાનીઆ, સત્યદેવી, સુત્રધાર વગેરે વગેરે.

નાટકનાં ગાયનો.

ઇશ્વર સ્તુતિ.

૧

સર્વે—

નામિ યાચું આપો સુમતિ હે..................હરિ (૨)
અભેદ વિદિત જ્ઞાની પીતા,
અખિલ ભૂવન તણા સ્વામિ.......... ......નામિ૦
અધમ ઉદ્ધારણ સ્વામિ,
વિઘન સૌ તું હરજે (૨)
સત્ય શરણ સુખદાઇ (૨)
નટનાયક પાલક રે,
ઘટઘટ વ્યાપી............ને
ઉમંગ સુદ્રઢ દે હે પીતા,
કાર્ય કરજે શુભદાઇ..........................નામિ૦

૨

મિત્રો—

અરે હાં સંપ વિનાનું સુખ, પલકમાં વહી જશે રે;
અરે જેમ સુતરનો એક તાંત, પલકમાં તુટી જશે રે; (૨)
રજ્જુ તુટશે નહિ રે, ક્ષિણ બનશે નહિ રે; અરે હાં૦
કીડી સમ તુચ્છ જંતુમાં પણ, સંપ દીસે રે સદા
કાળ મણીધરનો મળી સર્વે ઘાત કરે રે તદા
અરે હાં૦
સંપ સુખનું મૂળ જાણ—
જયચંદ્ર પૃથ્વી રાજ દ્વેષે, હિંદ આ પરવશ પડયું;
હિંદી મરાઠી રાજ્ય મુસ્લીમ સંપવિણ ધુળમાં મળ્યું;
દારિદ્રય, દુઃખ ને કળા હીનતા, જે હતું કર્મે જડયું;
તે હિંદીઓના હાથમાં, દુર્ભાગ્યથી આવી મળ્યું–અરે હાં૦
(ડી. કે. ભટ્ટ.)

સર્વે—　　　　　　　　３

થયો આનંદ આજ ઉરે અમને, થયો આનંદ આજ ઉરે અમને,
આપે પધારી કૃતાર્થ કીધા, સુવિદ્યાભ્યાસી ગણુને. (૨)
થયા આભારી અમે સૌ આજે (૨)
યાચીએ શુભ કરવા કાજે (૨)
છે અલ્પમતી અમ શિશુગણુની, છે અલ્પમતિ અમ શિશુગણુની
યતૂકિંચિત આ યત્ન અમારો, દાખવવા ઇચ્છા મનની (૨)
દીસે જો યત્ન વિષે ખામી (૨)
માફી ચાહીએ સૌ શીર નામિ (૨)
શિશુની એજ અરજ છેલ્લી, શીશુની એજ અરજ છેલ્લી;
તન મન ધનની વૃદ્ધિ પામી, વધો બહુ વંશે વેલ્લી. (૨)
થયો આનંદ આજ ઉરે અમને........................(૨)

—:o:—

૪

નારદ અને વસિષ્ઠ—

શામાટે વ્યર્થ વદો ઋષિ ઉર ધરી વૃત્તિ દ્વેષી
ગણી શું બીજ હિણુ ધરતી........ ...(૨)

વિશ્વામિત્ર—

કાજળ કેરા પુંજને, ધોતાં શ્વેત ન થાય
સોમલ કેરા પાનથી, જરૂર હણાશે જાન
ઇન્દ્ર વર્ણું દ્રષ્ટિથી રૂડું, પણ ચાખેથી લાગે કૂડું
તેવું જગત છે અખિલ ઋષિ, શું કથું અધિક મુખથી
ભરી છે અનૃતમય પૃથ્વી. (૨)

નારદ અને વસિષ્ઠ—

કદી પાપી જન તમને મળીયો, પૂર્ણ પરિચય તમને પડીયો
કરો ઋષિજી ન્યાય આપ શું, દોષ સકળ જગથી ઋષિ શું
દોષ સકળ જગથી, વદો છો વાણી શું દ્વેષી. (૨)

વિશ્વામિત્ર—એવો સતીનો જાયો કોણ છે જગતમાં ?

નારદ—રાજા હરિશ્ચંદ્ર.

વસિષ્ઠ—

સુર્યવંશી જાતિ છે જેની, જીંદગી જાણો સત્યમય તેની
ધર્મપરાયણ વૃત્તિ જેની છે, વદે ન જુઠ મુખથી ઋષિ એ વદે૦

વિશ્વામિત્ર—

છુપાવ્યો છુપે નહિ, વ્યોમ મહીં તો ભાણ
પક્ષ કરો અવનિ તણો, પણ હુંથી ન અજાણ
વચન પાળવું વાત ન સોંઘી, કઠણ શૈલી એ જાણો મોંઘી
વચન નિભાવનહાર પૃથ્વીમાં, મા જાયો સુત નથી ઋષિજી માજાયો૦

વસિષ્ઠ—માહારાજ ! બહુ રત્ના વસુંધરા.

વિશ્વામિત્ર—કોણ હરિશ્ચંદ્ર, ધર્મનું પુતળું ?

નારદ—હાજી.............નારાયણ, નારાયણ, નારાયણ,
તે પુરૂષ હરિશ્ચંદ્રજ જાણો, તે મુજથી નથી જરીક અજાણ્યો
શામાટે વ્યર્થ વદો ઋષિ ઉર ધરી વૃત્તિ દ્વેષિ
ગણી શું બીજહિણ ધરતી.

આકાશવાણી— ૫

ગર્વ કરે શીદ માની (૨) થાશે તેથી જીવન તણી હાની;
સાર શું વિષધર પાળી (૨) દેશે કોઇ દિન ડંખ એ લે જાણી

સાધુઓ—

ગર્વ તજ મન પ્રાણીઆ,
તારી કંચન કાય કપાવશે (૨) તારા દેહને અટવાવશે...ગર્વ૦

મૂઢ કૌવચ બીજ વાવી, આમ્ર ફળ પામીશ ક્યાંથી; (૨)
વાસના ગર્વિત તારી, નરકમાં ઝંપલાવશે ..ગર્વ૦
ચેત જીવ મનથી વિચારી, ગર્વને દેજે વિસારી; (૨)
મતિ તેવી ગતિ પ્રાણી, અંતે તો તારી થશે...ગર્વ૦

દરબારીઓ— ૬

જય સત્ય શિરોમણી ભૂનૃપતિ, મળી સર્વ પ્રજા
તમને નમતી,
રંક હિતકારી, ધર્માચારી, કષ્ટ હારી--જય૦
પર્જન્ય પડે માગ્યા તમ દેશે, દીન વસે છે સો સુખ વેશે,
સૌ પર, સ્થળે સ્થળ, ન્યાય તળે, હર પળ, સત્ય થકી-જય૦
ઇન્દ્રપુરી સુમ સુખ લેતી, તમ પ્યારી પ્રજા હર્ષે વહતી
અર્પો સુખ, નટવર, કૃપા કરી દીન પર અમ નૃપતિ-જય૦

દરબારીઓ— ૭

રાજપતિ શિરછત્ર અમારા છેક શું દો તરછોડી (૨)

હરિશ્ચંદ્ર—

જાળ જગતની ત્રોડી ફોડી દેહ દમું દિલ જોડી (૨)
સત્ય ધર્મ પર પ્રીત લગાવી, અલખ નિરંજન ધુન જમાવી,
પ્રભુમાં ચિત્ત દઉં જોડી--રાજપતિ૦

દરબારીઓ—

લખપતિ બનશે વનના માલીક, પ્રભુ આ દિન શું આવ્યા;

હરિશ્ચંદ્ર—

સમયને ભાવે તે સહી લેવું, રંક ભલે હોય રાયા;

પાપ કરી પુન્ય કયાંથી લેવું, વાવીને લણવું છે તવું,
ન્યાય પ્રભુ દે તોળી—રાજપતિ૦

દરબારીઓ—

સમય પ્રભુ આ શું પલટાયો, રાજપતિ શિર જોળી,

હરિશ્ચંદ્ર—

કર્મગતિ અતિ ન્યારી જગમાં, પળમાં સૌ દે બોળી,
દિલનું ધાર્યું દિલમાં શમતું, ધાર્યું ધણીનું સર્વે બનતું,
યાચું રજા કર જોડી—રાજપતિ૦

મિત્રો—

૮

કરી છેદ તન કયાં ચાલ્યા,...
અમ જીવન તણા શિર સ્વામિરે-કરો૦
વારિ વિના નવ સરવર શોભે,
હોય ભલેને સારૂં,

રોહિત—

કરી લોભ ધર્મ શે હારૂં—અમ૦
આત્મારૂપ પુત તાતને જાણો
પુતે પિતાને વશ થાવું

મિત્રો—

નથી ઘટતું કુંવરજી આવું;
અમ જીવન તણા શિર સ્વામિ રે
કરી છેદ તન કયાં ચાલ્યા.

અંક બીજો.

રોહિત— ૯

વિશ્વ તણો ઇશ તું પીતા, હું પણ તારો બાળ
વિપદ અતીશય ઠેલીને, છેક તજ્યું શીદ વ્હાલ

તારા—

દુઃખી કર્યાં હશે, કંઇક તો ઘણાં
જીવો હણ્યા મહીં, ના હશે મણા
પ્રગટયાં પૂર્વનાં, પાપ જે હશે
રૂદનથી શું વીર, તે મિથ્યા થશે.

રોહિત—તૃષા પીડિત જીવડો ગયો, સુંદર સરોવર તીર
ટીપું પામ્યો ત્યાં નહિ, કથ્યું શે સ્થાનક નીર

તારા—ભાનુદેવ જ્યાં, ઉષ્ણુતા ધરે
પછી બિચારૂં શું સ્થાન તે કરે
પાદ જો પડયો, અગ્નિમાં અરે
દહન જો થશે, અગ્નિ શું કરે ?

રોહિત—

ભલે જન્મ મારો થયો, ભૂપ તણે દરબાર;
ભાગ્ય વિના છું ભટકતો, આ જંગલ મોઝાર.

તારા—

ધીરજ વીર તું કા તજી ડરે
નથી પ્રભુ કૃપા, ભાગ્ય શું કરે;
નયન આંસુડે, શીદ તું ભરે
અરેરે બાલુડા આમ શું કરે.

૧૦

હરિશ્ચંદ્ર, તારામતિ અને રોહિત—

જાણુ આ સંસાર ખેલ ખોટો,
રે સહુ રીતે તપાસતાં, જાણુ—આ૦
ઘટ આ જાશે પળમાં ફુટી (૨)
લાગતાં કાળ કેરા સોટો—રે સહુ રીતે૦
કામ ન આવે તન ધન હારા (૨)
માયાનો બંધ સહુ ખોટો—રે સહુ રીતે૦
નથી જણાયું સ્થાયી જગતમાં (૨)
હોય ભલે રંક રાય મોટો—રે સહુ રીતે૦

૧૧

ડૉકટર—

ચિંતા ચિંતા ને બસ ચિંતા
ચિતમાં રોજ સળગતી ચિંતા.
ખીસા ખાલી ભપકા ભારી,
કોને કહેવી મનની વાત.
મીત્રો મળ્યા બધા મવાલી,
માગે ચા કાફીની પ્યાલી,
દઇએ સહુને હાથે તાળી ખાલી હાથ.
બંદા ધંધો કરવા જાય પોઝીશનમાં વાંધો થાય,
સૂઝે નહીં એકે ઉપાય, દિલમાં ઉથલ પાથલ થાય.
ધનજીભાઇ ના દેખાય ભૂખ ભડકો ના ઓલાય,
હવે કયમ કરી જીવાય બોલો સાહેબો—ચિંતા.
(સૌન્દર્ય વિજય.)

૧૨

ૅબૅરીસ્ટર—

લૅાનો કીધો માથું ફોડી ને પુરો અભ્યાસ
ને લંડનમાં ડીનર આપીને કરી પરીક્ષા પાસ
આ ગાઉન સાથે લીધી બૅરીસ્ટરની ડીગ્રી ખાસ
બૅાયકૅાટ નાતે કીધા પૈસાનું સત્યાનાશ.
ઓ જરી નથી કમાણી નહી આવે કોડી કાણી
ખીસાં ખાલી લૅાયરના પોઝીશનપર ફરતું પાણી (૨)
યુરોપમાં જઇ આવ્યા તેથી ફેશન ના છોડાય
આ પોઝીશન જાળવવા ચીજો ક્રેડીટપરં લેવાય
પણ જ્યારે ઇસ્માલીયા કોરટમાંની ડીક્રીઓ થાય
ત્યારે ઉધારીઆ બૅરીસ્ટરનો ડબ્બો ગુલ થઇ જાય–અરે૦

(ઠક્કર.)

૧૩

(I)

Brave noble sons of India
Hear now the bugle's call;
Stand loyal to Britania,
Great mother of us all.

(II)

Hear now the duty's calling,
Calling to each brave heart;
O Hind, your tears are falling;
Your noble sons must part.

Chorus.

Frightful in charging, valiant in war;
When Hind echoes the British Lion's roar;
Stand fast by Britain woe to her foe;
Peace be or war with Britian shall we go.

१४

It's a long, long way to Tipperary
Up to mighty London came
An Irish man one day,
As the streets were paved with gold
Sure ev'ry one was gay;
Singing songs of piccadilly
Strand and Leicester square
Till paddy got extited than he shouted
To them there :—

"It's a long way to Tipperary
It's a long way to go,
It's a long way to Tipperary,
To the sweetest girl I know;
Good—bye piccadilly farewell
Leicester square,
It's a long, long way to Tipperary
But my heart's right there."

Paddy wrote a letter to his Irish molly o'
Saying, "Should you not receive it,
Write and let me know
If I make mistakes in spelling,
Molly dear," said he,
"Remember it's the pen that's bad,
Don't lay the blame on me."

ઠરવા તાબે આખી દુનિઆ ઠગ ચાહ્યો તત્કાળ
હુણવા ચાહી પડયો મેદાન કઇસર જાતે શિઆળ
સ્વપ્નું આવ્યું થઇ તાબે સૌ દુનિઆ મ્હારે
લાગી ફ્રાન્સ ગોળી તેના માથા માંહે, કઇસર શું ધારે ?
Molly wrote a neat
Reply to Irish paddy o'
Saying, "Mike Moloney wants to marry me and so
Leave the Strand and Piccadilly,
or you'll be to blame
For love has fairly drawn me silly,
hoping you're the same.

બન્યા રાજા કૈસરજી ઑસ્ટ્રીઆ થઇ રાણી,
સજ્યો મંડપ કીલ નેરે શોભામાં તોપ આણી;
પ્રજા ન્હાય કયારે સુળ જાય રાજા રાણીનું હાય
બ્રિટન હિન્દ ફ્રાન્સ રશીઆ જાપાન બોલો એ હાય વરરાય

१५

ON THE MUSIC OF 'CLAMANTINE.'

O Europa Sweet Europa
What a happy peaceful land !
But presumption and ambition
of a Kaiser brought its end.

Chorus.

Curse the Kaiser, Curse the Kaiser
Curse the Kaiser and his rage
Scourge the Kaiser, scourge the Kaiser
Whose presumption war could wage.

Noble Belgains, Soldier Belgains,
O the dauntless little clan !
Fighting, firmly, standing sternly.
How you foild has foolish plan.
France and Russia with Britannia
Fight the just and righteous cause ;
While the Indians 'gainst the Germans
Pay their wealth and blood in the cause.

૧૬

લ્હેરીલાલ—

ભાઇને હાલરડું વહાલું, હો ભાઇને હાલરડું વહાલું
ગીતે ઘુમણુ ઘાલુ રે ભાઇને હાલરડું વહાલું;
રંગીત પારણે પોઢો રસીલા ઝાઝા હેતે ઝુલાવું,
ભમરી જડાવું ભાઇને પારણીયે પુતળીઓ પધરાવું રે. ભાઇને (૧)
ચીતરેલ ચાંચની ચકલી ચઢાવું પારણે પોપટ પઢાવું
ભાઇને રમવા ભલી રીતેથી મોરલો સોને મઢાવું રે. ભાઇને (૨)
હીરની દોરીએ હીંચોળું વહાલા ઘેરાં ઘેરાં ગીત ગાઉં
ઉંઘીને ઉઠશો ભાઇ લાડકાડા ઘાલીશ ગજવે ખાવું રે. ભાઇને (૩)

Ver. 1 st Bk.

અંક ત્રીજો.

૧૭

આવો આવો ખેલો સહુ ઉમંગ ધરી
ધીમેથી ચરણ ધરી, મનહર ગાન કરી
હાથેથી તાલ દઇ, રમીએ રમત નવી
પ્રેમ પ્રેમ લાવી પ્રેમ..............(૨)
હુન્નર ને વિદ્યા કળા, આપો પ્રભુ તમે સદા;
વિવેક વધારો જેથી, આવે નહિ કષ્ટ કદા
ઉપકારી, સરવે, રહીએ, ઇશ રે નિત્ય અમે—આવો૦

રોહિત— ૧૮

થઇ ગતી શી મારી હાય......થઇ૦
સંકટ શિરપર ભારી હાય......થઇ૦
ક્યાં છે મ્હેલ ક્યાં બાગ બગીચા, ક્યાં છે હકુમત મારી
નવનિત ભોજન સેજ બીછાનું, ક્યાં ગયા ખાસ હજુરી હાય-થઇ૦
મુખથી જળનું નામ ઉચરતાં મળતું દુધ કઢેલું;
ત્રસ હું કે ભૂખે મરૂં છું, ભાવ નથી કોઇ પૂછતું. હાય-થઇ૦
લાડ કોડ માતા બહુ કરતાં, વ્હાલ પીતા દીલ ધરતા;
તનૂજ તમારો ભટકે વનમાં, શિદ ખબર નથી લેતા. હાય-થઇ૦
કયા ભવનું મુજ પાપ આ પ્રકટયું, સુખ બધું પરવાર્યું
કોટીપતી થઇ આજ ભીખારી, વનવન ભટકી મરતો. હાય-થઇ૦

—o—

મિત્રો— ૧૯

આવીરે આ વિપત શીરપર
ભાવીને આ શું ગમ્યું (૨)
એવો દોષ થયો શું ભારી
કીધો રંગમાં ભંગ મોરારી
આવો ઘાત અરે આ શિદને
તુજ બાળક પર તેં કર્યો— આવી૦
કીડીથી કટક આ કીધું
રંક પરે શું દુઃખ તેં દીધું (૨)
માત બિચારી તારા રડશે
પુત્ર વિયોગે ઝુરી મરશે
દૈવ ગતિ શી તારી— આવી૦

બૅરીસ્ટર, લ્હેરી, સાકરલાલ—   ૨૦

ધન્ય ભાગ્ય પતિનાં ગણીએ,
સન્નારી મળે જો કદીએ,
સુખે જગત તરીએ—અરે હાં—ધન્ય ભાગ્ય૦
કામ ક્રોધ મદ મોહ તજીને,
નિત્ય વિનય લઇએ હાં રે—ધન્ય ભાગ્ય૦
પતિ પ્રભુ જે જાણશે, તરશે આ સંસાર,
પ્રભુ પદને તે પામશે, થશે સદા ઉદ્ધાર
શીલ સરળતા સુગુણ ધરીને,
અવિચળ સુખ લઇએ હાં રે—ધન્ય ભાગ્ય૦

૨૧

તારા—

રીસાયો બાલુડા શાને, તુને કોણે દુભાવ્યો છે,
મનાવું શે નહિ માને, તુને કોણે રીસાવ્યો છે.
રહેતો ના ઘડી છુટો, કરી ચેષ્ટા પજવતોથો,
વિસારી સ્નેહ શું રૂઠયો, સંબંધ શું માતનો તૂટયો. ૧.
મરૂં ઝૂરી વિના તારા, અરેરે બાલુડા મારા,
વહે છે અશ્રુની ધારા, વિનવતી દીન આ તારા. ૨.
પૂછે જો તાત તો તારા, ગયો રોહિત કયાં દારા,
કહીશ શું બોલને ભાઇ, ગયો શું છેક રીસાઇ. ૩.

૨૨

હરિશ્ચંદ્ર—

કરો યત્નો ભલે કોટી, વિધિની વાત છે મોટી (૨)
દિવાકર નભમહિં ઉગે, ઉલૂકને કંઇ નહિ સૂઝે
વસંતે વૃક્ષ બહુ ફાલે, અભાગી કયાંથી તે ભાળે—કરો૦
મુશળ ધારે પડે વારી મળે નહિ બિંદુ ચાતકને,
દઉં શું દોષ વારીને, મટાડે કોણુ ભાવીને—કરો૦ (૨)
લલાટે જે લખ્યા લેખો, શકયા નહિ ટાળી કોકાળે
પ્રતાપી રામ જેવા તો, વિધીને વશ થયા કાળે—કરો૦

હરિશ્ચંદ્ર— ૨૩

રટ મનવા ધર અંતર નાથ રટ મનવા-(૨)
તારૂં અંતે નથી કોઈ મનવા-ધર૦
સમજ સમજ જરી મૂઢ મુરખ મન,
કાળ ભમે શિર હણવા.........(૨)
ધ્યાન ધર જીવ રામ રટ દૂર માયા કર સંભાળથી-
સ્વાર્થમય સંસારમાં જીવ ચેત આ જંજાળથી...તારૂં અંતે૦
ભ્રાત ભગિની ધન સૂત દારા
જાણુ નથી તુજ મનવા..............(૨)
કાય તુજ નર જહાજ સમતૂલ
ખડક કો'દીન ભાંગશે
જાગ જીવ નિંદ્રા મહીંથી કાળરૂપ શર વાગશે......તારૂં અંતે૦
વાર વાર નહિ આવે જનમ નર
નાવ આ તન તુજ તરવા (૨)
ત્યાગ કર, દીલ સાફ કર ગુણ ગાન કર સદ્‌ભાવથી
જગતનો પ્રતિપાળ તુજને તારશે ભવપારથી—તારૂં અંતે૦

દેવો— ૨૪

લેશ માત્ર ચિંતા નવ ધરજે, રાય હરિ તું ચિત્ત વિષે;
અતિશય દુઃખો સહન કરીને, ધરી ટેક તેં આત્મ વિષે.

હરિશ્ચંદ્ર—

અહો ભાગ્ય મારાં સમજું હું, નયન સમિપ તમને જોઇ;
મૂકિત માર્ગનો પાર પામીને તૃપ્તિ થઇ મુજ ચિત્ત મહીં.

દેવો—

ઇન્દ્ર ભુવનમાં થઇ અતિ ચર્ચા, સત્ય ટેક જોવા તારી;
રાય ધર્મે ચંડાળ રૂપથી, સ્વિકારી સેવા તારી.

હરિશ્ચંદ્ર—

ક્ષણિક જગત છે દુઃખે ભરેલું, બહુ દૂસ્તર છે સંચરવું;
આપ તણી આશિશાને લીધે, સ્હેલ થયું છે ઉગરવું.

દેવો—

નભ મંડળમાં ધ્રુવ અવિચળ છે, રાજ ભોગવ અવનિ મોઝાર
ત્રિલોકમાં જય જય તુજ કીર્તિ, ગવાશે સુણજે વારંવાર.

હરિશ્ચંદ્ર—

દિવ્ય ધામમાં સંચરવાને, થઇ મૂજ ઇચ્છા તિવ્ર ઘણી;
જીઅર આ મૂજ અંતર ધરતા, કૃપા કરો હે ભકતમણી

સર્વે

૨૫

આનંદનો દિન આજરે આનંદનો દિન આજ—(૨)
ધરી રાજ તણું તાજ, પ્રજા કાર્ય કરવા કાજ,
થયા તત્પર નૃપ આપ, પ્રભુ સુખ દે અમાપ,
શત્રુ સંહારી, નાખો વિદારી,
ધન્ય ઘડી ધન્ય દિન આજ રે આનંદનો૦—(૧)
વૃષ્ટિ થઇ પાક થાય, દેશે લીલા લ્હેર થાય,
એવી કૃપા ઇશ થાય, હૃદય આનંદે ભરાય,
દુઃખો નિવારી, પ્રજાને પાળી,
રહો સુખી અમ શિરતાજ રે—આનંદ૦—(૨)

સમાપ્ત.

મ્યુઝીકની સહાયતાથી કિન્ડરગાર્ટન રૂઢીનું શિક્ષણ.

પ્રખ્યાતિ પામેલી એસ્પ્લેનેડ હાઇ સ્કુલમાં લાંબો વખત અનુભવ મેળવ્યા પછી, મ્યુઝીકની સહાયતાથી કિન્ડરગાર્ટન પદ્ધતિ મુજબ સરળતાથી શિક્ષણ આપવાનો, નીચે સહી કરનાર બહોળો અનુભવ ધરાવે છે.

શ્રીમંત ગૃહસ્થોનાં બાળકોને ઉપરની રૂઢી મુજબ, સરળતાથી સાંજ અથવા સવાર કોઇ પણ ટાઇમે, ઘેર આવી શિક્ષણ આપવાને ખુશી છે.

આ રૂઢીથી બાળકો, સહેલાઇથી આનંદની સાથે શિક્ષણ લઇ શકે છે.

વધુ ખુલાસાને માટે, લખવાની અથવા રૂબરૂમાં બોલાવવાની કૃપા કરવી.

લી૦ સેવક,

રામકૃષ્ણ જેઠાલાલ જોશી.

કિન્ડરગાર્ટન અને મ્યુઝીક ટીચર.

એસ્પ્લેનેડ હાઇ સ્કૂલ,

હોર્નબી રોડ, મુંબઈ.

અથવા

ધી બઝારગેટ એંગ્લો વર્નાકયુલર સ્કૂલ.

તેજપાળ ગોપનો માળો, બઝારગેટ સ્ટ્રીટ,

કોટ—મુંબઇ

"પ્રભાતચંદ્ર"

જેમાં ધર્મ, નિતી અને સંસાર વ્યવહારનું, જ્ઞાન મળે એવા ઉત્કૃષ્ટ પ્રકારના સાહિત્યનો સમાવેશ કરવામાં આવ્યો છે, તદુપરાંત રસભરી ભાષામાં કામક્રોધાદિ ષડરિપુઓથી આત્માને થતાં નુકસાનોમાંથી બચવાના ઉપાયો બતાવ્યા છે આજેજ ખરીદો. ફકત થોડીજ પ્રતો શીલીકમાં છે. કીંમત ફકત રૂા. ૧ પોસ્ટેજ માફ.

લેખક. **પ્રભાશંકર ગોવિંદરામ શુકલ.**

અતિ સસ્તુ અને ઉત્તમ!

"માનવ-વિકાસ"

માસિક પત્ર જનસમૂહમાં પ્રિય થઇ પડયું છે. તે શાથી? કારણ કે સર્વે કોમનાં સ્ત્રી પુરૂષોને તે ખાસ ઉપયોગી છે; તેમાં વખણાયલા લેખકો અને સાક્ષરોની કસાયલી કલમથી લખાયલા લેખોનોજ સમાવેશ કરવામાં આવે છે. મનુષ્ય જીવન ઉત્કૃષ્ટ સ્થિતિનું કેમ થઇ શકે તેમજ ગુર્જર બંધુઓમાં ઉચ્ચ પ્રકારનું ધાર્મિક, નૈતિક અને વ્યવહારિક જ્ઞાન ફેલાવાય એજ તેનો ઉદ્દેશ છે.

ફકત બે રૂપિયાના લવાજમમાં બત્રીસ પાનાનો દળદાર અંક દરેક મહિને નિયમસર પ્રગટ થાય છે, અમને પૂર્ણ આશા છે કે સાહિત્ય પ્રેમી બંધુઓ અને સન્નારીઓ, અગાઉથી ગ્રાહક થઇ પોતાનાં મુબારક નામો નીચેને શરનામે મોકલી અમારા પ્રયાસને ઉત્તેજન આપશે.

જાહેર ખબર આપનારા વેપારી ગૃહસ્થો માટે પણ આ ઉત્તમ સાધન હોઇ ભાવ ઘણાજ કમતી રાખવામાં આવ્યા છે:-પ્રભાતચંદ્રને માટે તેમજ માસિક માટે વધુ ખુલાસો પુછો નિચેને શરનામે.

પ્રભાશંકર ગોવિંદરામ શુકલ,

પ્રકાશક—"માનવ-વિકાસ"

લક્ષ્મીવિજય, પ્રભાતચંદ્ર વગેરેના લેખક.

ભુલેશ્વર, ભાણાભાઇ ચાલ, મુંબઇ.

ભાટિયા મિત્ર મંડળ.

આ મંડળની સ્થાપના સં. ૧૯૫૧ ના વર્ષમાં આપણા ભાઇઓમાં અરસપરસ સંપ વધારી સામાન્ય લાભ માટે પ્રયત્ન કરવા તથા કેળવણીનો ફેલાવો કરવાના શુભ હેતુથી થયેલી છે.

તેના નીયમો અનુસાર કોઈ પણ જ્ઞાતીબંધુ તેઓ સાથે જોડાઇ શકે છે. અને તેઓને ફકત નામની નીચે જણાવ્યા મુજબની ફી આપવી પડે છે.

(૧) દાખલ ફી રૂા. ૧ અંકે એક.
(૨) જીંદગી સુધીના સભાસદ થવાની ફી રૂા. ૧૫૦ અંકે દોઢસો.
(૩) સંસ્થાનીક સભાસદ થવાની છ માસિક ફી રૂપીઆ ૪-૮-૦.
(૪) બહાર ગામના સભાસદોની વારસીક ફી રૂા. ૧-૮-૦ અંકે રૂપીઓ દોઢ.

આ મંડળે જ્ઞાતી સેવા બજાવવામાં અત્યાર સુધીમાં આપણી જ્ઞાતીના લગભગ ૨૫૦ અંકે અઢીસો ઉપર બાળકો તથા બાળાઓને પોતાના વિદ્યોતેજક ફંડ મારફતે સર્વ પ્રકારની મદદ આપી કેળવી તૈયાર કર્યાં છે. આ ફંડ તેણે પોતાના દરેક મદદ મેળવવા લાયક જ્ઞાતીબંધુ માટે જેમ ખુલ્લું રાખ્યું છે, તેમ પોતાને ત્યાંના સર અવસર પ્રસંગે તેમાં કોઈ પણ જ્ઞાતીભાઈ પોતાના બીજા ગરીબ ભાઇઓની મદદ માટે પોતાની ઈચ્છાનુસાર મદદ મોકલી શકે છે.


પોતાના ઑરફનેજ ફંડ તથા મરહુમ ભાઇ રણછોડદાસ વીસનજી મોરબીવાળાએ પોતાની સર્વ મીલકત તેજ કારણ માટે અર્પણ કરવાથી તેમાંથી તે અત્યાર સુધીમાં માબાપ વગરના બાળકોનું પોષણ કરતું હતું, અને હવે તેણે તે ઉપરાંત પોતાની બોર્ડીંગ સ્કુલ ખોલી છે.

પોતાના જીંદગી સુધીના સભાસદોના આવેલા લવાજમ તથા મકાન ફંડમાં ભરાયલાં નાણામાંથી તેણે પોતાને માટે એક મકાન ખરીદયું છે. પણ તે ફંડમાં ખરીદીના આપવા માટેનાં નાણાં પુરાં નહીં હોવાથી હાલ તરત મંડળે કરજ કરી તે સાટું પુર્ણ કર્યું છે; અને મંડળનું પોતાનું મકાન એ તેનું સુવર્ણ સ્થંભ હોવાથી તેણે તે ફંડ દરેક ભાઇએ તેમાં પોતાની ગુંજાસ અનુસારનો ફાળો મોકલી આપી પોતાના જ્ઞાતી બાંધવો તથા દેશ બાંધવો પ્રત્યેની પોતાની ફરજ બજાવવા કાજે દરેક જ્ઞાતીભાઈ માટે ખુલ્લું રાખ્યું છે. તેણે સ્થાપેલા જુદા જુદા સ્મારકો તથા ઈનામ ફંડોમાંથી તે લાયક વિદ્યાર્થીઓને ઈનામો આપવા ઉપરાંત આપણા જ્ઞાતી ભાઇઓ ઉચ્ચતાની ટોંચે પહોંચે એવા હેતુથી ઈનામી નીબંધો તથા સંસારીક વ્યવહારીક આર્થીક અને ધાર્મીક વિષયોમાં ઉપયોગી થઇ પડે તેવું સાહીત્ય છપાવી જ્ઞાતીભાઇઓની સેવામાં અરપણ કરે છે.

તેણે પોતાના સભ્યોના લાભાર્થે એક નમુનેદાર વાંચનશાળા તથા પુસ્તકાલય ખુલ્લી રાખી છે, તેમાં જોડાઇ જ્ઞાતી સેવા બજાવવા માટે અરજીનું ફાર્મ તથા તેના કાયદા કાનુનો તેના ઓ. મંત્રી પાસેથી મંગાવતાં મળી શકશે.

ઠે. સુખડવાલા બીલ્ડીંગ્સ,
હોર્નબી રોડ, કોટ, મુંબઇ.

માથેરાનની જાણીતી "ચોક પોઈન્ટ" ઉપરનો



"રૉયલ હીંદુ હોટલ" વાળો "ચોક હોલ"

ગોવિંદજી વસનજી—માથેરાન.